આગામી વિધાનસભા ચૂંટણીઓ યોજવાની પ્રાથમિક તૈયારી શરૂ

ચૂંટણી પંચની ટીમ આજથી પાંચ દિવસ સૌરાષ્ટ્રમાં : મતદાન મથકો-મતદાર યાદીની સમીક્ષા

રાજકોટ તા.૨૫

રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં આજથી પાંચ દિવસ માટે કેન્દ્રીય ચૂંટણી પંચની પાંચ અધિકારીઓની ટોચની ટુકડીએ આગમન કર્યુ છે. વિધાનસભા ચૂંટણીમાં થનારા ખર્ચની પ્રાથમિક વિગતો ઉપરાંત મતદાન મથકો, મતદાર યાદી, ચૂંટણી માટે જરૂરી એવો સ્ટાફ અને વાહનો સહિતની વિગતોની સમીક્ષા કરશે તેવુ રાજકોટ જિલ્લા કલેકટર ડો.વિક્રાંત પાંડેએ 'સાંજ સમાચાર' સાથેની વાતચીતમાં જણાવ્યું છે.

રાજકોટ સહિત ગુજરાતભરમાં આગામી ડિસેમ્બર-૨૦૧૭માં વિધાનસભાની સામાન્ય ચૂંટણી યોજવામાં આવનાર છે. વિધાનસભા ચૂંટણીની પ્રાથમિક તૈયારીઓ શરૂ કરવા માટે કેન્દ્રીય ચૂંટણી પંચે તમામ જિલ્લાના ચૂંટણી અધિકારીઓને સુચનાઓ આપવામાં આવી છે. જેમાં મતદાન મથકો, મતદાર યાદી, ચૂંટણી માટે જરૂરી સ્ટાફ તેમજ વાહનો સહિતની વિગતો તૈયાર કરવાની સુચના આપવામાં આવી હતી. કેન્દ્રીય ચૂંટણી પંચની એક ટીમ આજે રાજકોટ આવી રહી છે. આ ટીમમાં પાંચ જેટલા ટોચના અધિકારીઓ સામેલ થયા છે. જે રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરના તમામ જિલ્લાઓમાં ચૂંટણી અધિકારીઓ સાથે મીટીંગ કરશે. આ મીટીંગમાં મહત્વનો મુદો આગામી વિધાનસભા ચૂંટણીમાં થનારા ખર્ચની પ્રાથમિક વિગતો તૈયાર કરવાની રહેશે તેવુ જાણવા મળેલુ છે.

રાજકોટ સહિત રાજયભરમાં યોજાનારી વિધાનસભા ચૂંટણીની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. જેના પ્રથમ ચરણમાં વિધાનસભા ચૂંટણીનું બજેટ નકકી કરવામાં આવશે. વિધાનસભા ચૂંટણીમાં એક બેઠક દીઠ કેટલો ખર્ચ થશે તેની વિગતો ચૂંટણી પંચે માંગી છે. મતદાન મથક માટે જરૂરી કર્મચારીઓના મહેનતાણા, વાહન રીકવીઝટનો ખર્ચ, ડિઝલ ખર્ચ, ઓબ્ઝર્વર આવે તેનો ખર્ચ ઉપરાંત અન્ય આનુસાંગીક ખર્ચાઓ કેટલા થશે તેનુ બજેટ તૈયાર કરવાની મહત્વની ચર્ચાઓ કેન્દ્રીય ચૂંટણીપંચની ટીમ કરશે.

રાજકોટમાં આજે સાંજે આવી પહોંચનાર કેન્દ્રીય ચૂંટણી પંચની પાંચ અધિકારીઓની ટોચની ટુકડીઓ રાજકોટ આવ્યા બાદ આવતીકાલે જુનાગઢ રવાના થશે. જુનાગઢ જિલ્લા કલેકટર સાથે બેઠક યોજીની વિધાનસભા ચૂંટણીમાં થનારા ખર્ચ, મતદાર યાદી, મતદાન મથકો, ચૂંટણી માટે જરૂરી સ્ટાફ, વાહનો સહિતના વિવિધ ડઝન બંધ મુદાઓની જે જિલ્લા કલેકટરે તૈયારી કરી છે તેના વતી સમીક્ષા કરશે અને જરૂરી સુધારા વધારાઓ સુચવશે. જુનાગઢની મુલાકાત બાદ કેન્દ્રીય ચૂંટણીપંચની ટીમ જામનગર, સુરેન્દ્રનગર, અમરેલી સહિતના જિલ્લાઓની મુલાકાત લઈને તા.૨૯ના રોજ રાજકોટ ખાતે રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારી સાથે મહત્વની મીટીંગ કરશે.

દરમ્યાન ગઈકાલે રાજકોટ જિલ્લાની આઠ વિધાનસભા બેઠકોમાં અડધા લાખથી વધારે મતદારોનો ઉમેરો થયો હોય, ૫૩ જેટલા મતદાન મથકો વધારવાનીદરખાસ્ત ચૂંટણીપંચમાં કરવામાં આવનાર છે. જે નવા મતદાન મથકો ઉમેરવામાં આવનાર છે. તે સંદર્ભે માન્ય રાજકીય પક્ષના આગેવાનો સાથે રાજકોટ જિલ્લા કલેકટરે ગઈકાલે કલેકટર કચેરીમાં મહત્વની મીટીંગ યોજી હતી. કેટલાક મતદાન મથકો સામે ભાજપ તેમજ કોંગ્રેસના ધારાસભ્યો દ્વારા ફરીથી સ્થળ તપાસ કરીને નવુ સ્થળ સુચવવાની રજુઆતો કરી હતી. આ સંદર્ભે આવા મતદાન મથકોની યાદી અલગથી બનાવીને આ બુથને ચકાસવા માટેની સુચના રાજકોટ જિલ્લા કલેકટરે આપી છે અને ફરીથી આગામી તા.૩૦ના રોજ માન્ય રાજકીય પક્ષના આગેવાનો સાથે રાજકોટ જિલ્લા કલેકટરે મહત્વની મીટીંગ યોજી છે. આ મીટીંગમાં જો મતદાન મથકો સામે કોઈ વાંધા વિરોધ નહી આવે તો રાજકોટ જિલ્લાના હાલ ૨૦૮૮ મતદાન મથકોમાં ૫૩ મતદાન મથકોનો વધારો કરવામાં આવશે. હાલમાં મતદાર યાદી સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ દરમ્યાન આવેલા મતદારોના નામ ઉમેરા, નામ કમી, સ્થળાંતર સહિતના ફોર્મની ચકાસણી તેમજ ડેટા એન્ટ્રીનું કામ ચાલી રહયું છે. મતદાર યાદી ચૂંટણી પંચની સુચના બાદ લોક કરાયા બાદ પુરવણી સુધારણા મતદાર યાદી પ્રસિધ્ધ કરવામાં આવશે અને ત્યારબાદ ચૂંટણીનું જાહેરનામુ બહાર પડયા પછી ઉમેદવારી પત્રક ભર્યાના ૧૦ દિવસ પહેલા સુધી મતદાર યાદી સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ ચાલુ રાખવામાં આવશે તેવુ પણ સુત્રોએ અંતમાં જણાવ્યું છે.

જુનાગઢમાં આવતીકાલે બેઠક બાદ રાજકોટમાં ૩૦મીએ ટોચના તમામ અધિકારીઓ સાથે મહત્વની મીટીંગ યોજાશે

મતદાન મથકો-મતદાર યાદી-ચૂંટણી સ્ટાફની વિગતો અને વાહનો સહિતના ડઝનબંધ મુદાઓ મામલે સમીક્ષાઓ કરશે

BSNL નો વધુ એક ધમાકો : હવે માત્ર રૂા. ૧૧માં ૧૦૦ મિનીટનો ટોકટાઈમ

રૂા. ૨૪માં દેશભરમાં કોઈપણ નેટવર્કમાં દે ધનાધન વાતચીત કરી શકશે સાથે ત્રણ માસની વેલીડીટી : ગુજરાત સર્કલમાં આજથી યોજના લોંચ

રાજકોટ, તા.૨૫

ટેલીકોમ સેકટરમાં 'રિલાયન્સ જીઓ'ના પ્રવેશની સાથે મોબાઈલ કંપનીઓ વચ્ચે ગળાકાપ સ્પર્ધાના મંડાણ થયેલ છે. ગ્રાહક વર્ગને આકર્ષવા માટે ખાનગી મોબાઈલ કંપનીઓ ધડાધડ નવી નવી યોજનાઓ લોંચ કરી રહી છે.

ગ્રાહક વર્ગને લોભાવવા માટે ખાનગી મોબાઈલ કંપનીઓ એકપણ તક છોડતી નથી જેમાં સરકારી ટેલીકોમ કંપની બી.એસ.એન.એલ. પણ પાછળ નથી બી.એસ.એન.એલ. પણ ગ્રાહક વર્ગને અંકે કરવા માટે નવી નવી યોજના લોંચ કરી રહયું છે.

જેમાં બી.એસ.એન.એલ. દ્વારા અગાઉ રૂા. ૩૩માં ૩જીબી ડેટા ૯૦ દિવસ સુધી આપવાની યોજના લોંચ કરવામાં આવ્યા બાદ હવે આજથી ગુજરાત સર્કલમાં બી.એસ.એન.એલ.એ ધમાકો કરી માત્ર રૂા. ૧૧માં ૧૦૦ મીનીટનો ટોકટાઈમ આપવાની યોજના લોંચ કરી દીધી છે. આ યોજનામાં બી.એસ.એન.એલ. નેટવર્કમાં લાગુ કરી ૯૦ દિવસની વેલીડીટી આપવામાં આવી છે.

તેમજ રૂા. ૨૪માં ૧૦૦ મીનીટ કોઈપણ નેટવર્કમાં દેશભરમાં ૯૦ દિવસ સુધી વાત કરી શકાશે આ બંને સુપર ધમાકા રૂપ યોજના બી.એસ.એન.એલ. દ્વારા પ્રી-પેઈડ મોબાઈલ ગ્રાહકો માટે લોંચ કરતા હવે નવી ક્રાંતિ મંડાણ થયા છે. મોબાઈલ કંપનીઓ ચડીયાતી સાબિત થવા માટે ધડાધડ નવી યોજનાઓ રોજબરોજ લોંચ કરી રહી છે જેમાં બી.એસ.એન.એલ.એ વધુ એક કદમ આગળ વધી આ ધમાકારૂપ યોજના આજથી લાગુ કરી દીધી છે. અહીં એ ઉલ્લેખનીય છે કે બી.એસ.એન.એલ. દ્વારા રૂા.૩૩૩માં અનલિમિટેડ રોજના ૩ જીબી ડેટા ૯૦ દિવસ સુધી અને રૂા. ૩૯૫માં રોજના ૨ જીબી ડેટા અનલિમિટેડ ૭૧ દિવસ સુધી સાથે ૩૦૦૦ મિનિટ બી.એસ.એન.એલ. અને ૧૮૦૦ મીનીટ અન્ય નેટવર્કમાં દેશભરમાં કોલ ફ્રીની ભારે સફળતા બાદ નાના ગ્રાહકો માટે આ સ્પેશ્યલ ઓફર કરવામાં આવી છે. સાથે ૧૯૦ રૂપિયામાં ૨૨૦નો ટોકટાઈમ પણ આજથી ૩૧-૫-૧૭ સુધી આપવામાં આવ્યો છે. ગ્રાહકોના બી.એસ.એન.એલ. પ્રતિ વિશ્વાસથી વધુ એક ફાયદાની સ્કીમ આપવામાં આવી છે. આમ વોઈસ કોલમાં ૮૦% જેવો ઘટાડો કરવામાં આવ્યો છે.

પોરબંદરના આંબેડકરનગરમાં લોહાણા યુવાનની હત્યા

મોડી રાત્રે રીક્ષા ચાલક કરણ રાયચુરાને તલવારથી વેંતરી નાંખતો ધર્મેશ રાઠોડ : મિત્રને ઈજા : યુવતીની તકરાર ઘટના

રાજકોટ તા.૨૫

પોરબંદરના નરસંગ ટેકરી વિસ્તારમાં આવેલા આંબેડકરનગરમાં ગતરાત્રે કરણ ગોરધનભાઈ રાયચુરા નામના ૨૨ વર્ષના લોહાણા યુવાનની દલિત શખ્સે તલવારના ઘા ઝીંકી હત્યા કરી નાંખતા સમગ્ર શહેરમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. તો તેના મિત્રને ગંભીર ઈજા સાથે રાજકોટ હોસ્પિટલમાં દાખલ કરાયાનું જાણવા મળેલ છે.

આ ઘટનાની મળતી વિગત મુજબ પોરબંદરની રઘુવંશી સોસાયટીમાં રહેતો કરણ ગોરધનભાઈ રાયચુરા અને તેનો મિત્ર વિપુલ ભીખાભાઈ ગતરાત્રે આંબેડકરનગર વિસ્તારમાં ગયા હતા. આ સમયે ધર્મેશ અશોક રાઠોડ નામના દલિત શખ્સે જુની અદાવતમાં બંને મિત્રો પર હુમલો કર્યો હતો.

સ્ટોપ પ્રેસ

આ જીવલેણ હુમલામાં તલવારથી ગંભીર ઈજા થતા કરણનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. જયારે વિપુલને ગંભીર ઈજા થવાથી પ્રથમ પોરબંદર અને ત્યાંથી વધુ સારવાર માટે રાજકોટ હોસ્પિટલમાં લઈ જવામાં આવેલ છે.

કમલા બાગ પોલીસ મથકનો કાફલો ગત રાત્રે ૧૨ વાગ્યા આસપાસ સ્થળ પર દોડી ગયો હતો અને ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ બનાવથી લોહાણા સમાજમાં પણ ઘેરો શોક ફેલાઈ ગયો છે. મૃતક અને ઘાયલ બંને યુવાન રીક્ષા ચલાવતા હતા અને મૃતક તેના પરિવારનો એકનો એક પુત્ર હતો. આ અંગે મૃતકની માતા મનિષાબેને ફરિયાદ નોંધાવી છે. યુવતિ સામે જોવાની તકરારમાં આ ઘટના બન્યાનું જાહેર થયું છે.

સિયાચીનની ૨૨૦૦૦ ફુટની ઉંચાઈથી રાજસ્થાન-ગુજરાતના હવાઈદળ બેઝ એલર્ટ

એરફોર્સ વેસ્ટર્ન કમાન્ડ ઓપરેશનલ રેડીનેસ પ્લેટફોર્મ પરઃ ફાઈટર જેટ રનવે મોડમાં

૧૮ મથક પર ૨-૩ ફાઈટર જેટ ગમે તે ઘડીએ ઉડવાની સ્થિતિમાં મુકાતુ ભારતઃ કાશ્મીરમાં લાંબી સરહદ પર બન્ને દળોની જમાવટ

નવી દિલ્હીઃ ભારત-પાક વચ્ચે સતત વધી રહેલા સરહદી તનાવ વચ્ચે બન્ને દેશોએ સીયાચીન કારગીલ સહિતની સરહદો પર યુદ્ધની તૈયારી જેવી સ્થિતિ બનાવી લીધી છે. કાશ્મીરમાં રોજ અંકુશ રેખા અને આંતરરાષ્ટ્રીય સરહદ પર યુદ્ધ વિરામનો ભંગ થઈ રહ્યો છે. કાલે પાક સેનાના હવાઈદળના વડા એ મુદે ફાઈટર જેટ ઉડાવીને ભારતને પડકાર ફેકયો છે.

તેની સામે ૧૬થી૨૨૦૦૦ ફુટની ઉંચાઈએ સીયાચીનમાં ભારતીય હવાઈદળે તમામ મહત્વના મથકો પર કોઈપણ ઘડીએ ઉડી શકે તે રીતે ફાઈટર જેટ તેનાત કરી દીધો છે. જેથી પાક સેનાને સિયાચીનથી દૂર જ રહેવા સંકેત આપી દીધો છે.



કાશ્મીરની ૭૭૮ કીમી લાંબી અંકુશ રેખા પર બન્ને દળોની જમાવટ વધી છે. ભારતની આ ક્ષેત્રની મીની સર્જીકલ સ્ટ્રાઈક બાદ હવે ભારતે તેના વેસ્ટન એર કમાન્ડ જે રાજસ્થાનથી લઈને કાશ્મીર સુધીમાં ૧૮ એરબેઝ ધરાવે છે. તેને એલર્ટ સ્થિતિમાં મુકી દીધુ છે. તેની સેનાની ભાષામાં ઓપરેશનલ રેડીનેસ પ્લેટફોર્મ તરીકે ઓળખવામાં આવે છે. જેમાં રનવે પર બે થી ત્રણ ફાઈટર વિમાનને ગણતરીની પળોમાં ઉડી જાય તે રીતે ગોઠવાય છે.

તોડફોડ

(છેલ્લા પાનાનું ચાલુ)

સાથે-સાથે ટોલનાકા ખાતેથી વાહનોને ટોલ ભર્યા વગર કઢાવ્યા હતાં અને તોડફોડ પણ કરી હતી. તેવું ફરીયાદમાં લખાવાયું છે.

પોલીસે આ વિગતો આપતાં જણાવ્યુ હતું કે સમગ્ર પ્રકરણ બાબતે ટોલનાકાના ઈજાગ્રસ્ત કર્મચારી મહેશ રાધુભાઈ મરંડ(આહિર) (ઉ.વ.૨૧ રહે.ચાંદ્રોડા) દ્વારા બરાયા (મુંદરા)ના હરાસિંહ જાડેજા, વવાર(મુંદરા)ના સામરા જખુ ગઢવી તથા વાહનમાં સવાર દશેક અજાણ્યા શખ્સો ઉપરાંત મારૂતી સ્વીફટ કાર નંબર જીજે.-૦૪-સીએ.-૪૪૧૬ના ચાલક અ ને આ વાહનમાં સવાર ત્રણેય અજ્ઞાત શખ્સ સામે ફરીયાદ નોંધાવી હતી. મુંદરા મરીન પોલીસ મથકમાં નોંધાયેલી ફરીયાદ અનુસાર, સ્વિફટ કારમાં આવેલા શખ્સોએ ટોલ ભરવા બાબતે આનાકાની કરીને માથાકુટ કરી હતી. આ પછી તેમણે ફોન કરીને આરોપી હરાસિંહ જાડેજાને બોલાવતાં તેની સાથે ત્રણેક કારમાં દશેક શખ્સ આવ્યા હતા. જેમણે હુમલા સાથે તોડફોડ કરી હતી.

જસદણ

(છેલ્લા પાનાનું ચાલુ)

સરકારી જમીન ફાળવવામાં આવશે. પવનચકકી ઉભી થઈ ગયા બાદ સંચાલકો તેમજ સીકયુરીટી ગાર્ડ દ્વારા સ્થાનિક ગ્રામજનોને પરેશાન કરવામાં આવતા હોવાની ચોંકાવનારી ફરિયાદ લાંબા સમયથી ઉઠી છે. અમુક કિસ્સામાં પોલીસ ફરિયાદો પણ ગ્રામજનો દ્વારા કરવામાં આવી છે. ગામના માલઢોરને પવનચકકી વિસ્તારમાં પ્રવેશતા અટકાવવા તદઉપરાંત સીકયુરીટી જવાનો દ્વારા હુમલા કરવામાં આવતા હોવાની વિગતો બહાર આવી છે. આ મામલે જસદણ પંથકના પવનચકકીના માલિકો સામે ભારે વિરોધ વંટોળ ઉભો થયો છે.

દરમ્યાન રાજકોટ જિલ્લા કલેકટર સમક્ષ આવી ફરિયાદો લાંબા સમયથી કરવામાં આવી રહી છે. આ ફરિયાદના નિવારણ સંદર્ભે આજે રાજકોટ જિલ્લા કલેકટરે અડધો ડઝન ગામના સરપંચો, ગામના આગેવાનો તેમજ ધારાસભ્યોને પવન ચકકીના માલિકો સાથે સંયુકત મીટીંગ કરીને પવનચકકીથી ઉભા થતા પ્રશ્નોના નિરાકરણ સંદર્ભે બોલાવ્યા છે. આ મીટીંગ જિલ્લા કલેકટર દ્વારા જે કાંઈ પ્રશ્નો હશે તેનો હકારાત્મક ઉકેલ લાવવાના પ્રયાસો કરવામાં આવશે તેવુ અધિક નિવાસી કલેકટરે વાતચીતના અંતમાં જણાવ્યું હતું.

શંકર ચૌધરી

(પહેલા પાનાનું ચાલુ)

મચ્છરોથી થતાં મૌત પર ધ્યાન આપતા નથી. ગત વર્ષે રાજયમાં મેલેરીયાના ૪૦,૦૦૦ કેસો બન્યા હતા અને તેમાંથી ૬૦૦૦ ઝેરીલો મેલેરીયા (પ્લાઝમોડીયમ ફાલ્સિપેરેમથી થતાં) હતો. આવી બિમારીઓ સામે લડવું એ પણ દેશ ભકિત જ છે.

મંત્રી ચૌધરીએ કહયુંકે મોટાભાગનાં લોકો માને છે કે તેમના ઘર મચ્છર-મુકત છે પરંતુ એવું નથી તેમણે કહયું મારા ખ્યાલથી આપણે ડ્રોનનો ઉપયોગ કરવો જોઈએ. અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન મચ્છર પેદા કરનારા 'છત્તા' ખોબી કાઢવા ડ્રોનનો ઉપયોગ કરવો જોઈએ. અમદાવાદ મહાપાલિકાના રેકર્ડ મુજબ શહેરમાં સાલ-૨૦૧૪માં મેલેરીયાના ૬૩૫૮, ૨૦૧૫માં ૬૮૫૭ અને ૨૦૧૬માં ૯૯૭૯ કેસો નોંધાયા હતા.

કાર્યક્રમમાં હાજર તમામ મંત્રીઓ અને અધિકારીઓએ ગુજરાતને ૨૦૨૨ સુધીમાં મેલેરીયા મુકત બનાવવાને સૌની જવાબદારી ગણાવ્યુ હતું અને મેયર ગૌતમ શાહે જાહેરાત કરી હતી કે અમદાવાદ દર ગુરૂવારે ડ્રાઈ-ડે મનાવશે. આ દિવસે લોકો પોતાના ઘરોમાં પાણીની સફાઈ કરશે અને સ્વાસ્થય વિભાગનાં કર્મચારીઓ લોકોના ઘરે-ઘરે જઈ તપાસ કરશે કે કયાંય મેલેરીયાના મચ્છર તો ઉછરી નથી રહયા ને ?

ગરમી

(છેલ્લા પાનાનું ચાલુ)

ફરીને કંડલા સતત બીજા દિવસે ૪૨.૮ ડિગ્રીએ રાજયભરમાં ગરમા ગરમ શહેર બન્યુ હતું. તો સુરેન્દ્રનગરમાં ૪૨.૦ ડિગ્રી, અમરેલીમાં ૪૧.૮ ડિગ્રી, ભૂજમાં ૪૦.૪ ડિગ્રી સાથે કાળઝાળ ગરમી યથાવત રહી હતી.

તો ભાવનગરમાં ૩૯.૫, જુનાગઢમાં ૩૯.૬, રાજકોટમાં ૩૯.૩, દિવમાં ૩૭.૦, મહુવામાં ૩૭.૬, નલીયામાં ૩૫.૦, કંડલા પોર્ટ પર ૩૮.૮ ડિગ્રી, ગરમી યથાવત રહી હતી તો સાગરકાંઠાના ગામો, દ્વારકા, ઓખા, પોરબંદર, જામનગર, વેરાવળ, માંડવી સહિતના સ્થળે ૩૧ થી ૩૫ ડિગ્રી વચ્ચે સામાન્ય ગરમી જળવાઈ રહી હતી. પણ હવામાં તમામ સ્થળે ૨૫ થી ૯૫ ટકા વચ્ચે નોંધાયેલા ભેજની અસરથી લોકો બફારાથી ત્રાહીમામ જોવા મળતા હતા તો સમગ્ર સૌરાષ્ટ્ર કચ્છમાં ગઈકાલે દિવસભર આઠથી ૩૮ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે ફુંકાયેલી લૂં થી રાહદારીઓ વાહન ચાલકો ત્રસ્ત જોવા મળતા હતા.

રાજકોટ

રાજકોટમાં સતત બદલવાતી પવનની દિશાને કારણે તાપમાનમાં પણ વધારા ઘટાડાનો માહોલ યથાવત બની રહયો છે. મંગળવારે ૪૦.૯ ડિગ્રી મહતમ તાપમાન નોંધાયા બાદ પવનની દિશા બદલીને દક્ષિણ પશ્ચિમની થતા ભેજ વાળા પવનની અસર હેઠળ તાપમાન ગઈકાલે પટકાઈને ૩૯.૩ ડિગ્રી પર પારો સ્થિર રહયો હતો. બાદમાં રાતભર ફેંકાયેલી ૨૨ કિ.મી. પ્રતિ કલાકની ઝડપ છતા હવામાં ૭૫ ટકા જેટલો ભેજ રહેલો હોઈ આજે ન્યુનતમ તાપમાન ૨૭.૧ ડિગ્રી નોંધાયું હતું.

તો સવારથી જ સમગ્ર શહેરમાં વધુ પ્રમાણમાં રહેલા ભેજની અસર હેઠળ શહેરીજનો બફારાથી ત્રાહીમામ જોવા મળે છે. જો કે સવારે પવનની દિશા બદલીને પવન મંદ પડી જતા દિવસે લોકલ ફોર્મેશનની અસરથી વાદળા છવાઈ જવા સાથે વરસાદ પડવાની પણ શકયતા જોવા મળે છે.

ગુજરાતમાં આગામી બે દિવસ હિટવેવ : યલો એલર્ટ જાહેર કરાયું

ઉનાળો અંતિમ ચરણમાં છે અને મે મહિનાના છેલ્લા સપ્તાહનો પ્રારંભ થયો છે ત્યારે ગરમીમાં ચડાવ ઉતાર બાદ અંગ દઝાડતી ગરમી પડવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

હવામાન વિભાગે આજે તા.૨૫ અને આવતીકાલ તા.૨૬ના રોજ સૌરાષ્ટ્ર-કચ્છ સહિત સમગ્ર ગુજરાતમાં હિટવેવ કન્ડીશનની આગાહી કરી છે. અને યલો એલર્ટ વોર્નિંગ જાહેર કરાયું છે.

અંગ દઝાગડતી ગરમીનાં મોજાની આગાહી સામે લોકો સાવચેત થયા છે અને બપોરનાં ભાગે બીન જરૂરી ઘરની બહાર નીકળવાનું ટાળ્યું છે. તેમજ ગરમીથી બચવા માટે ઠેર-ઠેર ડંડા પીણાનો સહારો લઈ રહયા છે.

ભાવનગર ૩૯.૫ ડિગ્રી

ભાવનગર શહેર-જિલ્લામાં ગરમીનો પ્રકોપ યથાવત રહયો છે. ગરમીથી જન જીવન પર વ્યાપક અસર પહોંચી છે અને લુ લાગવા સહિત ગરમીજન્ય રોગચાળાએ પુનઃ માથુ ઉચકયુ છે. ગઈકાલે ભાવનગર શહેરનું મહતમ તાપમાન ૩૯.૫ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૮.૬ ડિગ્રી નોંધાયું છે. જયારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૩૭ ટકા અને પવનની ઝડપ ૨૧ કિ.મી. પ્રતિ કલાકની રહી હતી. બપોરે ગરમ લુ ફુંકાતા લોકો ત્રાહીમામ પોકારી ગયા હતા.

એરોપ્લેન

(પહેલા પાનાનું ચાલુ)

થયેલા જણાયા હતા. બે એક એલઈડી સ્કીન પર ઘસરકા પાડવામાં આવ્યા હતા.

તેજસમાં હેડફોનની કિંમત બાબતે અધિકારીએ જણાવ્યું હતું કે એ બહુ ખર્ચાળ નથી. ૯૯૨ સીટવાળી ટ્રેનની સસ્તામાં સસ્તી ટિકીટ રૂા.૧૧૮૫ (એરકાર, ખોરાક વગર) છે, જયારે મોંઘી ટિકીટ એકઝીકયુટીવ કલાવતી રૂા.૨૭૪૦ છે.

~~હેડફોન નહીં અપાયાની ફરિયાદ~~ ઉપરાંત [illegible] વાઈફાઈ એકટીવ [illegible] જણાવ્યું હતું.

વઢવાણ

(છેલ્લા પાનાનું ચાલુ)

માટે લઈ જવામાં આવ્યા હતા. વહેલી સવારે ગૌરીબેનનું મોત થતા પરિવારજનોમાં શોકની લાગણી ફેલાઈ હતી. જયારે ગૌરીબેનને સંતાનમાં એક દિકરી હોવાથી માતાના મોતથી આ દિકરીએ માતાની છત્રછાંયા ગુમાવી હતી. બીજી તરફ ઘરશાળા વિસ્તારમાં છેલ્લા ૧૫ દિવસમાં ૩ વ્યકિતઓના શંકાસ્પદ મોત થયા છે.

આમ છતાં તંત્ર દ્વારા કોઈ નોંધ શુધ્ધા ન લેતા રહીશોએ આ અંગે રજુઆતના દૌર થયો હતો. વઢવાણના ઘરશાળા આસપાસ રોગચાળાએ અજગરી ભરડો લેતા લોકોમાં ફફડાટ ફેલાયો છે.

પરીક્ષા

(છેલ્લા પાનાનું ચાલુ)

કચેરીના સ્ટ્રોંગ રૂમમાં સાચવવામાં આવે છે અને ત્યાર બાદ દિલ્હી ખાતે મોકલી આપવામાં આવે છે. જયા તેની ચકાસણી કર્યા પછી ઉર્તીણ થનારા પરીક્ષાર્થીઓની યાદી જાહેર કરવામાં આવે છે.

રાજકોટમાં ૧૮ જુને યુ.પી.એસ.સી.ની પરીક્ષા ૨૦થી વધુ પરીક્ષા કેન્દ્રોમાં લેવામાં આવનાર છે. આ પરીક્ષાની પ્રાથમિક તૈયારીઓ કરવા માટે રાજકોટ જીલ્લા કલેકટર ડો.વિક્રાંત પાંડેએ કામગીરી શરૂ કરી છે.૨૦ જેટલા પરીક્ષા કેન્દ્રોમાં સી.સી.ટી.વી.કેમેરા , સુપરવાઈઝર માટેનો નાયબ કલેકટર કક્ષાનો સ્ટાફ, તેમજ ઓબ્ઝરવરો અને અન્ય આનુસંગીત સ્ટાફની પસંદગી કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. ૧૮ જુને રાજકોટમાં લેવાનારી યુ.પી.એસ.સી.ની પરીક્ષામાં ૨૫૦૦ થી વધારે ઉમેદવારો પરીક્ષા આપનાર છે. રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરના જીલ્લાઓમાંથી યુ.પી.એસ.સીની પરીક્ષાઓ માટે ઉમેદવારો રાજકોટ આવનાર છે. આવા ઉમેદવારો માટે રાજકોટ શહેરના અલગ-અલગ વિસ્તારોમાંથી પરીક્ષા સેન્ટર સુધી લાવવા લઈ જવા માટે બસની વ્યવસ્થા સહિતની પરીક્ષાની આગોતરી તમામ તૈયારીઓની સમીક્ષા કરવા યુ.પી.એસ.સી.ના વડાએ રાજકોટ જીલ્લા કલેકટરને ૨૯મીએ દિલ્હી ખાતે બોલાવ્યા છે. અને મહત્વની ચર્ચા કરી નિર્ણય લેવામાં આવશે તેવું સુત્રો એ અંતમાં જણાવ્યુ છે.

સિહોરની રોલીંગ મીલમાં બ્લાસ્ટથી આઠ ઘાયલ

(વિપુલ હિરાણી દ્વારા) ભાવનગર તા.૨૫

ભાવનગર જીલ્લાનાં સિહોરમાં જી.આઈ.ડી.સી.માં આવેલ રી-રોલીંગ મીલમાં બ્લાસ્ટ થતાં ૮ મજુરો ને ઈજા થતાં ખાનગી હોસ્પિટલ ખસેડાયેલ છે.

મળતી વિગતો મુજબ સિહોરમાં આવેલ જી.આઈ.ડી.સી.માં આવેલ હર્ષ રી-રોલીંગ મીલમાં મોડી રાત્રે બ્લાસ્ટ થતાં ૮ મજુરોને ઈજા થતાં તમામને સિહોરની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયેલ છે. રાતનો બનાવ હોવા છતા સવારના ૧૦ સુધી સિહોર પોલીસ પાસે કોઈ જ માહિતી ન હોવાનું ફરજ પરનાં પી.એસ.ઓ.એ.જણાવ્યુ હતું.

જી.આઈ.ડી.સી.વિસ્તારમાં બનેલી ઘટના

સ્ટોપ પ્રેસ

સતવારા
દીકરીઓના
ને સંસ્કારના

હતાશ-નિરાશ નાગરિકો માટે ભાગવત કથાનું શ્રવણએ અંતિમ આશ્રયસ્થાન

રાજયના દરેક તાલુકામાં 'નંદિઘર' સ્થપાશે : મુખ્યમંત્રી

હળવદમાં ભાગવત સપ્તાહના પુર્ણાહુતિ પ્રસંગમાં હાજરી આપતા મુખ્યમંત્રી રૂપાણી

(પ્રશાંત જયસ્વાલ દ્વારા) હળવદ, તા.૨૫

રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગરીબી-બેકારી-ભ્રષ્ટાચાર મુકત ગુજરાતના નિર્માણનું વચન રાજયની જનતાને આપ્યું છે.

હળવદ ખાતે યોજાયેલી ભાગવત કથાના અંતિમ દિવસે ઉપસ્થિત ધર્મપ્રેમી જનતાને સંબોધન કરતા મુખ્યમંત્રી રૂપાણીએ જણાવ્યું હતું કે રાજયના કોઈપણ મુંઝાયેલા હતાશ-નિરાશ નાગરીક માટે ભાગવત કથાનું શ્રવણ એ અંતિમ આશ્રય સ્થાન છે. કથાપાન કરનાર તમામ નાગરીકોના હિતોના રક્ષણ માટે રાજય સરકાર કૃતિનિશ્ચયી છે, તેવી હૈયાધારણ મુખ્યમંત્રીએ ઉપસ્થિતોને પાઠવી હતી.

આ વર્ષની વિધાનસભામાં ગૌહત્યા અધિનિયમ-૨૦૧૭, દારૂબંધીના કડક અમલ તથા ફી નિર્ધારણ સમિતિના ગઠનના પસાર કરેલા કાયદાની વિગતો આપતા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ એવો આશાવાદ વ્યકત કર્યો હતો કે આ તમામ કાયદાઓથી રાજયના વિવિધ ક્ષેત્રોમાં ચાલતી ગેરરીતિઓ તેમજ સમાજમાં ચાલતી બદીઓ પર નિયંત્રણ લાવી શકાશે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગીર અને કાંકરેજ ઓલાદની ગાયોના સંવર્ધન કરવા સાથે રાજયના દરેક તાલુકામાં નંદિઘર સ્થાપવાની જાહેરાત કરી હતી. જેના માધ્યમ થકી રાજયભરમાં ગીર અને કાંકરેજ ગાયની નસ્લનું નિર્માણ કરી શકાશે. રાજયના પશુપાલન ક્ષેત્રે આ પગલું ક્રાંતિકારી સાબિત થશે એવી નેમ મુખ્યમંત્રીએ આ તકે વ્યકત કરી હતી.

રાજયના નાગરીકોને સસ્તી દવાઓ પુરી પાડવા માટે રાજય સરકારે અત્યાર સુધીમાં બસ્સો જેનેરીક સ્ટોર્સ ખોલ્યા છે. એમ જણાવતા મુખ્યમંત્રીએ ઉમેર્યુ હતું કે, રાજયભરમાં ૫૦૦ જેનેરીક સ્ટોર્સ માટેની ટેન્ડર પ્રક્રિયા પ્રગતિમાં છે. તથા અન્ય ૫૦૦ નવા સ્ટોર્સ ખોલવાની કાર્યવાહી ટુંક સમયમાં શરૂ કરવામાં આવશે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજયના નાગરીકોના આરોગ્યના રક્ષણ માટેના મુખ્યમંત્રી મા અમૃતમ યોજનાનો લાભ લેવા ઉપસ્થિતોને અનુરોધ કર્યો હતો.

વૈશાખ માસના ભરઉનાળાના સમયમાં પણ હળવદના તળાવો ભરેલા હોવા અંગે મુખ્યમંત્રીએ સંતોષ વ્યકત કરતા આ બાબતને રાજય સરકારના આગોતરા આયોજનની સફળતા ગણાવી હતી. તથા ઉપસ્થિતોને પાણીનો સંભાળપૂર્વક ઉપયોગ કરવા આગ્રહ કર્યો હતો.

આ પ્રસંગે મુખ્યમંત્રી રૂપાણીનું ફુલોના વિશાળ હાર તથા પાઘડીથી પરંપરાગત સ્વાગત કરાયુ હતું કન્યા છાત્રાલયના નિર્માણમાં સહયોગ આપનાર તમામ દાતાઓએ કિસાનોના પ્રતિક સમા ગાડાની પ્રતિકૃતિ મુખ્યમંત્રીને અર્પણ કરી હતી. મંત્રી જયંતિભાઈ કવાડીયા સહિત તમામ મહાનુભાવોને સ્મૃતિચિહન એનાયત કરાયા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં મુખ્યમંત્રી રૂપાણીએ પોથીનું પૂજન કર્યુ હતું તથા તમામ દાતાઓનું શાલ ઓઢાડી સન્માન કર્યુ હતું. નગરપાલીકાના પ્રમુખશ્રી રણછોડભાઈ દલવાડીએ સ્વાગત પ્રવચન કર્યુ હતું. રાજયના પંચાયત તથા ગ્રામ ગૃહનિર્માણ વિભાગના રાજયમંત્રી જયંતિભાઈ કવાડીયાએ મુખ્યમંત્રીને કિસાનોના હમદર્દ ગણાવ્યા હતા. અને રાજયના ખેડુતોના હિતાર્થે અમલી બનાવેલી વિવિધ કિશાન કલ્યાણલક્ષી યોજનાઓ બદલ મુખ્યમંત્રીને અભિનંદન પાઠવ્યા હતા.

ચોમાસુ

(પહેલા પાનાનું ચાલુ)

સાયકલોનીક સ્થિતિ બની છે તેની ભારત પર બહુ અસર થશે નહી પણ દિલ્હી-એનસીઆર- મધ્ય ભારત અને પશ્ચીમ ભારતમાં ઉષ્ણતામાન ઉંચુ રહેશે. જયારે રાજસ્થાન અને ઉતર મધ્યપ્રદેશના ક્ષેત્રમાં ધૂળની આંધી જોવા મળશે.

ચોમાસુ વહેલું દેશમાં ચોમાસાનું આગમન વહેલું થાય તેવી શકયતા છે. ભારતીય હવામાન વિભાગે તા.૩૦ મે પુર્વે જ કેરાળામાં ચોમાસુંબેસી જાય તેવી સંભાવના વ્યકત કરી છે. આ રાજયમાં બે દિવસથી સારો વરસાદ પડી રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આંદામાન નિકોબારમાં ચોમાસુ વહેલુ આવી ગયું છે અને તેની પ્રગતિ પણ સારી છે. બીજી તરફ ઓસ્ટ્રેલીયન હવામાન વિભાગે જાહેર કર્યુ કે વર્તમાન વાતાવરણની સ્થિતિ જોતા ચાલુ વર્ષના બીજા માસીક ગાળામાં અલનીનોની સ્થિતિ વધુ નબળી પડી શકે છે. પેસીફીક સમુદ્રમાં તાપમાન

શ્રીનગર

(પહેલા પાનાનું ચાલુ)

અનેક મામલામાં દુજાનાનાં માથે ૩૫ લાખ રૂપિયાનું ઈનામ રખાયું છે.

સુરક્ષાદળોને મંગળવારે સાંજે બાતમી મળી હતી કે દુજાના પોતાનં બે અન્ય સાથીઓ સાથે હકિરપુરા ગામમાં છૂપાયો છે. તે પછી સેનાએ વિસ્તારમાં ૪ ગામની ઘેરાબંધી કરી પૂરા વિસ્તારમાં સર્ચ ઓપરેશન શરૂ કરી દીધું હતું. પરંતુ સ્થાનિય લોકોએ સેનાના જવાનો ઉપર પથ્થર ફેંકવાનું શરૂ કરી દેતા તેની આડશમાં અબૂ દૂજાના ભાગી છૂટયો હતો.

જાલી નોટ

(પહેલા પાનાનું ચાલુ)

તથા લાઠી ગામે આવેલ લુવારીયા દરવાજા પાસે રહેતા પરેશ જગદીશભાઈ સોલંકી નિકળતા પોલીસે તેમને રોકી પૂછપરછ કરતા કોઈ સંતોષકારક જવાબ આપી શકયા ન હતો. પોલીસે તેમની તલાસી લેતા આ બન્ને ઈસમો પાસેથી રૂા.૫૦૦ના દરની ૩૯૮૨ નોટ કિંમત રૂા.૧૯,૯૧,૦૦૦ તથા રૂા.૨૦૦૦નાં દરની કુલ નોટ નંગ ૪૫૫૨ કિંમત રૂા.૯૧,૦૪,૦૦૦ મળી કુલ રૂા. ૧,૧૦,૯૫,૦૦૦ની ભારતિય ચલણની નકલી નોટ મળી આવતા પોલીસની આંખો ફાટી રહી હતી.

આ બનાવ અંગે પોલીસે આરોપી સચિન ગુલાબ પરમાર તથા પરેશ જગદિશભાઈ સોલંકી સામે ભારતિય અર્થતંત્રને નુકશાન પહોંચાડવા તથા સમાન ઈરાદો પાર પાડવા ગુન્હો નોંધી આગળની વધુ તપાસ અમરેલી લોકલ ક્રાઈમ બ્રાંચના પીઆઈ પટેલ ચલાવી રહ્યા છે.

ભાવનગર કનેકશન

બિન સતાવાર રીતે જાણવા મળતી વિગત મુજબ ભાવનગર પંથકમાં નકલી ભારતીય ચલણ બનાવવાની કામગીરી ચાલતી હોય, અને અત્યાર સુધીમાં ભાવનગરથી સમગ્ર ગુજરાત નકલી ચલણી નોટ ઘુસાડી દેવામાં પણ આવ્યાનું જાણવા

સાતમી વાર્ષિક પુણ્યતીથીએ
શ્રદ્ધાંજલી
પરિશ્રમ જેનું કર્તવ્ય હતું,
પરમાર્થ જેની ભકિત હતી,
સ્નેહ જેની શકિત હતી,
તેવા દિવ્ય આત્માને અશ્રુભીની અંજલી...
સ્વ.શ્રી ચનાભાઈ પોપટભાઈ સુદાણી
સ્વ.તા.૨૫-૦૫-૨૦૧૦, મંગળવાર
લક્ષ્મી પેકીંગ સર્વીસ - કીર્તી પેકેજીંગ
જય ઓફસેટ - શ્રીધર ક્રાફટપેક એલ.એલ.પી.
ગં.સ્વ.જયાબેન ચનાભાઈ સુદાણી
સંજયભાઈ ચનાભાઈ સુદાણી
ભાવનાબેન સંજયભાઈ સુદાણી
નેન્સી સંજયભાઈ સુદાણી
હેમાંગ સંજયભાઈ સુદાણી